सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ દાખલ તારીખ | ૧૧/૦૮/૨૦૨૩ |
| કેસ નોંધણી તારીખ | ૧૧/૦૮/૨૦૨૩ |
| કેસ ફેંસલ તારીખ | ૧૮/૦૮/૨૦૨૩ |

| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | | | |

---

મહેરબાન ભરૂચના ત્રીજા એડીશનલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : ભરૂચ.

---

**<u>ક્રિમી.પરચુ. અરજી નં. ૭૭૩/૨૦૨૩.</u>**
**આંક–**

અરજદાર :– મુનાવર ઉર્ફે મુન્ના અબ્દુલ ગફ્ફાર શેખ,
રહે. ગધેમાર, શ્રી ખોડીયાર માતાના મંદિર પાસે,
તા. ધોળકા, જિ. અમદાવાદ.
...વિરૂધ્ધ....
સામાવાળા : – શ્રી સ ર કા ર

બાબત:– <u>ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૯ મુજબ જામીન અરજી</u>.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી એમ.એમ.પાનવાલા.
સામાવાળા/સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી એન.એમ.મિસ્ત્રી.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**<u>–:: ઠ રા વ ::–</u>**

(૧) આ કામના અરજદાર/આરોપીએ હાલની અરજી ભરૂચ શહેર સી–ડીવીઝન પોલીસ સ્ટેશનના ગુન્હા રજીસ્ટર્ડ નં.૧૧૧૯૯૦૦૧૨૩૦૧૮૨/૨૩, ઈ.પી. કોડની કલમ–૩૭૯,૧૧૪ મુજબના ગુન્હાના કામે ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૯ મુજબ આંક–૧ ની જામીન અરજીમાં જણાવેલ કારણોસર રેગ્યુલર જામીન મેળવવા માટે તેમના

વિ.વકીલશ્રી મારફતે રજુ કરેલી છે.

(૨) અરજી દાખલ થતા સામાવાળાને નોટીસ કરવામાં આવેલ છે. સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી એન.એમ.મિસ્ત્રી હાજર રહેલા છે. અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રીની તથા સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રીની દલીલો સાંભળી. અરજદાર તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા, તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ તથા પોલીસ તપાસના કાગળો વંચાણે લીધા.

(૩) સદર કામના અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રીની દલીલ છે કે, આ કામના અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે અને કહેવાતો કોઈ ગુન્હો કરેલો નથી તેમજ અરજદાર/આરોપીઓ ગુન્હાના કામે સીધી રીતે કે આડકતરી રીતે સંડોવાયેલા નથી. અરજદાર/આરોપીને માત્ર શંકાના આધારે આરોપી બનાવી અટક કરવામાં આવેલા છે. આરોપી વિરૂધ્ધ કોઈ તપાસ કરવાની બાકી રહેતી નથી, અરજદાર સામે પ્રથમ દર્શનીય કેસ નથી. આ કામના અરજદાર/આરોપી સામેની પોલીસ તપાસ પણ મહદઅંશે પુર્ણ થઈ ગયેલી છે. આક્ષેપીત ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા જયુ.મેજી.ફ.ક.શ્રીને છે અને મહત્તમ ત્રણ વર્ષની કેદની સજાની જોગવાઈ છે. વધુમાં આ કામના અરજદાર નાસી ભાગી જાય તેવા ઈસમ નથી. ના.કોર્ટ જામીન મુકત કરતી વખતે જે કોઈ પણ શરતો ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવા અરજદાર/આરોપી રાજી છે. ઉપરોકત સંજોગોમાં યોગ્ય શરતોને આધીન જામીન ઉપર મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૪) ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની દલીલ છે કે, આ કામના અરજદાર/ આરોપીઓ સામે ઈ.પી.કોડની કલમ–૩૭૯,૧૧૪ મુજબના ગુન્હાનો આક્ષેપ છે. આ કામના અરજદાર/આરોપી સામેની પોલીસ તપાસ ચાલુ છે. અરજદાર/આરોપી સામે પ્રથમ દર્શનીય પુરાવો છે. અરજદાર અમદાવાદ જિલ્લાના રહેવાસી છે અને આરોપીનો

ગુનાહિત ભુતકાળ છે. જામીન મુકત કરવામાં આવશે તો ફરીયાદી તથા સાહેદો સાથે ઝઘડો કરી સુલેહશાંતિનો ભંગ કરે તેવી શકયતા છે. અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો નાસી ભાગી જવાની અને ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન મળી નહી આવવાની શકયતા રહેલી છે. તેવા સંજોગોમાં અરજદાર/આરોપીની જામીન અરજી રદ કરવા અરજ ગુજારેલ છે.

(૫) આ કામે બંને પક્ષકારોની દલીલો, ત.ક.અ.શ્રીએ રજુ કરેલ સોગંદનામા સહિતના તમામ પોલીસ પેપર્સ આ તબકકે ધ્યાને લેતાં, આ કામના અરજદાર/ આરોપી સામે ફરિયાદીની ઈકો ગાડી રજી.નં. જીજે ૧૬ ડીજી–૫૩૮૯ ની ગાડીનું સાયલન્સર જેની કિંમત આશરે રૂ.૬૦,૦૦૦/– અન્ય સહઆરોપીઓની મદદગારીમાં ચોરી કરી ડુપ્લીકેટ સાયલન્સર લગાવી ઓરીજનલ સાયલન્સર લઈ જઈ નાસી જઈ ગુનો કરેલ હોવાના આક્ષેપો છે. વધુમાં અરજદાર/આરોપી સામેની પોલીસ તપાસ મહદઅંશે પુર્ણ થઈ ગયેલી છે. આક્ષેપીત ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા જયુ.મેજી.ફ.ક.શ્રીને છે અને આક્ષેપીત ગુન્હામાં ત્રણ વર્ષની કેદની સજાની જોગવાઈ છે. વધુમાં અરજદાર/આરોપી ના.કોર્ટ ફરમાવશે તેવી તમામ શરતોનું પાલન કરવાની ખાત્રી આપે છે. તે સંજોગોમાં અરજદાર/આરોપીને વધુ સમય કસ્ટડીમાં રાખી મુકવાનું યોગ્ય અને ઉચીત જણાતુ નથી. ઉપરોકત સંજોગોમાં અરજદાર/આરોપીએ ગુન્હામાં ભજવેલ ભાગ, ગુન્હાની ગંભીરતા, સજાની જોગવાઈ અને કેસના સંજોગો ધ્યાને લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

(૧) અરજદાર/આરોપી મુનાવર ઉર્ફે મુન્ના અબ્દુલ ગફફાર શેખ, રહે. ગઘેમાર, શ્રી ખોડીયાર માતાના મંદિર પાસે, તા.ધોળકા, જિ.અમદાવાદનાઓની ભરૂચ શહેર સી–ડીવીઝન પોલીસ સ્ટેશનના ગુન્હા રજીસ્ટર્ડ નં.૧૧૧૯૯૦૦૧૨૩૦ ૧૮૨/૨૩, ઈ.પી. કોડની કલમ–૩૭૯,૧૧૪ મુજબના ગુનાના કામે ફો.પ.અ.

નં.૭૭૩/૨૦૨૩ આથી **મંજુર** કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપી નીચેની કોર્ટ સમક્ષ રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપીયા પંદર હજાર પુરા)ના જાત જામીન તથા તેટલી જ રકમના જામીન આપ્યેથી નીચેની શરતો મુજબ જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો:-</u>**

:૧: અરજદાર/આરોપીએ ફરિયાદી કે ફરિયાદ પક્ષના સાહેદોને કોઈપણ રીતે ધાક-ધમકી આપવી નહી તેમજ કોઈપણ રીતે લલચાવવા, ફોસલાવવા, ફોડવા પ્રયત્ન કરશે નહીં કે પુરાવા સાથે ચેડા કરવા નહી.

:૨: અરજદાર/આરોપીએ પોતાના કાયમી અને હંગામી રહેઠાણના અને ધંધો કે અભ્યાસના સરનામા ટ્રાયલ કોર્ટ સમક્ષ તેમજ તપાસ કરનાર અમલદાર સમક્ષ જાહેર કરવા અને તે સરનામા ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર બદલવા નહિ.

:૩: અરજદાર/આરોપીએ આધારકાર્ડ/પાનકાર્ડ/રેશનકાર્ડ/ડ્રાયવીંગ લાયસન્સ પૈકી કોઈ પણ દસ્તાવેજની ખરી નકલ જામીન મુકત થયેથી દિન-૭ માં ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરવી.

:૪: અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો જામીન રજુ કરતી વખતે અથવા જામીન ઉપર મુકત થયા બાદ દિવસ-૭ માં ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવો અને પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામુ રજુ કરવું.

:૫: અરજદાર/આરોપીએ તેમની સામેનો કેસ પુર્ણ ન થાય ત્યાં સુધી ટ્રાયલ કોર્ટની પુર્વ પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહિ.

:૬: અરજદાર/આરોપીએ કોઈ ગુન્હાહિત પ્રવૃત્તિ કે સુલેહ શાંતિ ભંગના ગુન્હાનું પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવાની રહેશે.

:૭: અરજદાર/આરોપીએ આ ગુન્હાના કામે ચાર્જશીટ ન થાય ત્યાં સુધી દર અંગ્રેજી મહિનાની ૧ થી ૫ તારીખ સુધીમાં સવારે ૧૦.૦૦ થી બપોરના ૧૨.૦૦

વાગ્યા સુધીમાં સંબંધીત પોલીસ સ્ટેશનમાં અચુક હાજરી પુરાવવી.

:૮: અરજદાર/આરોપીઓએ ફરિયાદી કે સાહેદોને મળવુ નહી કે મળવાનો પ્રયત્ન કરવો નહી.

(૩) અરજદાર/આરોપીએ ઉપરોકત શરતોનું ચુસ્તપણે પાલન કરવું અને તેમાં કસુર થયેથી અરજદારના જામીન ખત રદ થવાને પાત્ર બનશે.

(૪) હુકમની અમલ બજવણી સારૂ સંબંધીત કોર્ટને તેમજ સંબંધીત પોલીસ સ્ટેશનને જરૂરી યાદી કરવી.

હુકમ આજ તારીખ **૧૮ મી માહે ઓગષ્ટ સને ૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૮.૦૮.૨૦૨૩
સ્થળ : ભરૂચ
YAP

**(ચિરાયુ સનતકુમાર અધ્યારૂ)**
ત્રીજા એડીશનલ સેસન્સ જજ, ભરૂચ
જી.જે. ૦૦૭૦૭